સદેવંત સાવળીંગા

નાટકનાંગાયનો

છપાવી પ્રસિદ્ધ કરનાર.

મહાદેવ રામચંદ્ર જાગુસ્ટે બુકસેલર

ત્રણ દરવાજે અમદાવાદ

આવૃતી ૩ જી પ્રત ૩૦૦૦

શ્રી મુદ્રણકલામંદિર ચીખીટક ખાડીઆ અમદાવાદ

સંવત ૧૯૫૯ ૧૯૦૩

કિંમત રૂ. ૦-૨-૦

સેહેવંત અને સાવળીંગા

નાટકનાંગાયનો.

ધનાશ્રી અભંગમાં તથા ગજલમાં ગવાય છે,

જે મોહનો રચનાર રસિલા જનો જે મોહમાં રચનાર.
નાત જનમ ઓત્રા અભીમુન્યુના તેનો તારણ હાર રસિલા, ૧
પ્રેમીજનના પ્રેમ પાળનારો, નોંધારાં આધાર રસિલા જનો, ૨
તેહ પ્રભુનું પ્રથારંભે ગાન કરૂં હુંઆવાર. રસિલા જનો. જે. ૩

છે જન પાળક ટાળક દુઃખનો એ રાહુ.

કષ્ટ હરણ વિનતી ઉર ધરજો વિઘ્ન વીનાયક નામીઓ;
ગતી જરાય કળી નવ જાય, જોતા પાર કદી નવ થાય,
સુરનર વરમતી ગાની ચહાય વીઘ્ન વીનાયક નામીઓ. ૧
ભગત જનોના કષ્ટ વીચારી વિધ વિધ રૂપે જાતા વીહારી.
એજ દયાળુ તામન ધારી વીઘ્ન વીનાયક નામીઓ. ૨

પ્રવેશ ૧ લો, સ્થળ મહેલ.

પાત્ર--સાવળીંગાને તેની સખી લીલાવતી બન્ને બેઠાં છે.

સાવળીંગા-(લીલાવતી પ્રત્યે)રાગ-ગઝારાગે સ્વામી બોલોને વાલા

સાવળીંગા-સાંભળજરા વાલી સૈયર મહારી ગગે મને વાત ઘણી તારી
તું તો છે મને પ્રાણ થકીપ્યારી, સાંભળ જરા વ્હાલી સૈયર મ્હારી. ૧
બાળક પણની તે આપણ જોડી. દુખે ઝપટ આવે દોડી;
મારા સુખમાં ચિત્ત રહે ચોટી સાંભળ ૨
તારા વિના મને ન રહેવાય જોયા વિના જીવ ઝામે જાયે;
તને દેખી મન ટહાડું થાયે, સાંભળ ૩

રૂપે ગુણે બન્યો સખી સરખી દીઠે દીલ અતી હરખી;
ભ્રમર ભોગીએ તો નથી નરખી. સાંભળ ૪

લીલાવતી સાવળીંગાને કહે છે કુમરી ભૈરવીની,

કહાં ગયો સહાજદે જયાની પ્યારો.

છબી શી વરણુ સખિ તારી. ભવ મોહનની જગથી ન્યારીરે. ટેક ૧
ચંદ્રાનની હરીણાક્ષી બાળા બાંઓ ધરી બલીહારીરે. છબી શી ૨
રત્નકળી સમ નીરમળ નાશા, તેમાં નીર્મળ વારિરે છબી શી ૩
હંસાગમની ચંચળ ચતુરા શી હકલકી સુકુમારીરે છબી શી ૪
નીલકે ચુકી કુસુબી સાળુ દામીનીશી દમકારીરે, છબી શી ૫
વીધીએ વીધી કરીને ઘડીશું મરદ દરદ કરનારીરે, છબી શી ૬

રાગ ઉપરનો.

સાવળીંગા--સખી સાંભળને તું મારીરે; સખી ટેક
ઘડન ગતી કરતાની કેવી, વીધ થકી છે ન્યારીરે સખી ૧
જોડી જુગત માંહે નથી ઘડતો. દેખું દુખી નરનારીરે. સખી ૨
દીન દીન દુઃખ વધે કંઇ દેહમાં તન્ન તપે છે ભારીરે સખી ૩
જોબન મદ રદ થાય ચતુર વીણ, વીધીન વાત વિચારીરે. સખી ૪
રૂપ સહીત સુને ગુણ બુદ્ધી, આપી હશે શું ધારીરે સખી ૫
કંથ નથી મારા સમ મળતો વય રૂપ ગુણ ધી ધારીરે સખી ૬

લીલાવતી--રાગ કલ્યાણ શ્રી જગપતી એ રાહ
સૈયર સર્વથી કહુ તને કથી, જોડી વિના જાણ સુખ જગતમાં નથી
પ્રાણ બરાબર પસંદ પડયું તે, વ્હાલી સાંભળ વાત;
મન માન્યાથી મન નવ રીઝે, તેથી સારી ઘાત સૈયર ૧
ઇચ્છા વર આવીજ ગયો તો ભાગ્ય તણો નહીં પાર;
તે નરને નારીનો ચાલે સુખ માંહે સંસાર. સૈયર ૨

સાવળીંગા— **રાગ ઉપરનો,**
સૈયર તેતો સર્વ સાચું પણ એ કેમ કરાય;
આપણ મ્હોટાંનાં બાળક તે જગમાં હાંસી થાય, સૈયર ૩

લીલા—કરવાનું છે એજ આપણે પણ આવે શા કામ;
જોડી વિના જનમારો એળે વહી જાય તમામ સૈયર ૪
સામું જોતાં નજર ઠરે નહીં વને નહી વિસરામ,
સુતાં સોડે લાંબા લાગે, સ્વાગ નહીં તે નામ. સૈયર ૫

ગદ્ય—**સાવળીંગા**—બેન, ત્યારે જે લોકોમાં દીકરીના પૈસા લેવાનો રીવાજ હશે; તે લોકોમાં તો જોડી મળવાના ઉધારાજ તો.

લીલાવતી—બેન, તેઓની દીકરીઓનાતો પુરા ભોગજ

ગદ્ય—**સાવળીંગા**—ત્યારે બેન એગ પોતાની દીકરીના પૈસા લેનારને માટે કોઈ શાસ્ત્ર માંહે પાપ નહી લખ્યું હોય

લી—બેન શાસ્ત્રમાંતો ઘણુંએ લખ્યું છે તેતો બીચારા પોકાર પાડી પાડીને બતાવે છે.

રાગ કલ્યાણ (શ્રી જગતપતી) એ રાહ.

સત્યજોકહું જાય ના રહ્યું શાસ્ત્રમાં કહેલું સર્વ શાસ્ત્રમાં રહ્યું ✓
દીકરી કેરો દામ લઇ પરણાવે પુત્રી બાપ;
દીકરીને વેચ્યાના જેવું, તેહ ધણીને પાપ; સત્યજોકહું ૧
ધન હરી દીકરીને આપે જનમ બાળના એહ;
તેહ ધણીથી કસાઇ સારો, પશુઓ વેચે તેહ; સત્યજોકહું ૨
ધનના લોભે ઘરડો ટરડો વરઆડી દે આપ;
કાળાં મોનાં તે કરતાં બહેલાં મરજ્યો માને બાપ સત્યજોકહું ૩
સત્ય યુગે સ્વયંવર થતા મનપ્રમાણ અપાર
ત્રેતાને દ્વાપર માંહે પણ તેજ હતો વહેવાર; સત્ય. ૪

ગદ્ય—**સાવળીંગા**—બેન ત્યારે તો કન્યાને પસંદ પડે તેવા વરને ખોળવામાં કંઇ પાપ નહિ ગણાતું હોય.

લીલાવતી—હાજતો.

સાવળીંગા—ત્યારે હવે આટલી બધી મરજાદાને માથે કાળું મહોડ મેલ્યો હશે,

લીલા—ત્યારે [illegible]

સાવળીંગા— શીવ શીવ શીવ ત્યારે તો આ કાળાં કામ કરાવી ધર્મને ધક્કો લગાડનાર દેખાય છે,

લીલા—ઓ મારી કાલી બેહેન તું સાંભળ લોભ તો સતીઓનાં સત્ય તજાવે, તપીઓનાં તપ ભુલાવે. માટે લોભ જેવો દુર્ગુણ એકે નથી. એવામાં એક જોગી આવે છે તે ગાયન ગાતો આવે છે ભીક્ષાર્થે.

જોગી મેહેલની પાસે આવીને અલખ જગાવે છે.

પછી નીચે પ્રમાણે ગાયન ગાતા સાવળીંગા આવે છે હાથમાં ચપટી લઇને.

તુન ક્રુગકા જીયરવા હે પીતા મેરા;
તમે ભીક્ષા સ્વીકારો હે જોગીરાજા
કૃપા કરી આજે અહીંયાં પધાર્યા, મમ જન્મ સુધાર્યો;
મન્ચ્છા હોય તો જમાડું તમને વાણી મુખે ઉચ્ચારો;

(એટલામાં તો શાવળીંગાનું સ્વરૂપ દેખી જોગી બે ભાન થઇ ચક્કર ખાઇ મુર્છીત થાય છે) અને તેની પાસેનું કમંડળ તથા ચીપીઓ ઝોળી વીગેરે વખરાતાં પડે છે,

જોગીને મુર્છીત જોઇને સાવળીંગાની ભાભી સાવળીંગાને ઠપકો દેછે,

જોડી તમે ના જોઇ માડી એ રાગ **(લાવણી)**

ભાભી—રીત નહીં સારીરે બેની આ રીત નહીં સારી;
આવ્યો ભીક્ષા કારણ જોગી તે નાંખ્યો મારી. બેની આ. ૧
પ્રાણ જાવાની તૈયારીરે, પ્રાણ જાવાની તૈયારી.
ફટો દુનિયામા થશે આ, કીરતી ગઇ સારી. બેની આ. ૨

(રાજાકું મે કોંમકા ઓર ઇંદ મેરા નામ) એ રાગ

સાવળીંગા—(ભાભીને)

હું તો જરી જાણું નહીં એ બાવાને શું થાય,
ભીક્ષા લેતાં જોઇ મને પૃથવી પછાડી કાય
નેત્ર ફટારાં રહી ગયાં ને વદન થયું છે લાલ,
કશુંએ મ્હેં કર્યું હોય તો શાક્ષી દીન દયાલ.

(પછી બાવા ઉપર શીતળ પાણી છાંટે છે તેથી બાવાને મુર્છા વળે છે ને જેમ વાદીએ સંછેડેલો સર્પ ઉઠે છે તેમ તે જોગી આળસ મરડી ઉઠે છે પછી સાવળીંગા હાથમાં ભીક્ષા લઈને ગાય છે,

સાવળીંગા— (રાગ ગોપીચંદનનો.)

લ્યોને બાવાજી. આપું ભીક્ષા ને પધારો તમે;

જોગી—મન ગમતી આપો ભીક્ષા તમે તો તે લેશું હમે:

સાવ—શી ઇચ્છા અંતરેમાં તમને, પ્રગટ કરો આ વાર,

પળમાં દેશું પુરણ ભાવે તાતે ભર્યા ભંડારરે, લ્યોને ૧

જોગી—મદન સદન તન ધન ઘન શોભા, કહેતાં જીવ અકળાય;

ચંદ્રવદન તુજ નીરખીને મુજ ચાતક નેન તણાય: મન. ૨

સાવ—ધીક ધીક જોગ ધર્યો જનમીને વૃથા બગાડ્યાં વસ્ત્ર;

હમણાં મસ્તક થાસે વેગળું આવી પડશે શસ્ત્રરે, લ્યોને;

જો—વો ક્યાં બોલી મેરી સામને ગર્વ તજી દો મોય;

રાજકુંવર કૈ સબંહી સુનાવું, ક્ષેયચલેગી તોય રે. મન. ૩

પ્રવેશ (૨) જો, સ્થળ રસ્તો

(સદેવંત જોગીને ઉદાશ થએલ જોઇને)

(કહું શું નશીબે દુખીઓ કર્યો છે પ્રાણ પીયરીનો વીયોગ ઠરયો છે) એ રાગ

સદેવંત—જોગીને ઉદાસી કેયમ ફરો છો.

શું દુઃખ અંતર માંહે ધરો છો જોગી ટેક.

સત્ય વચન મુજ સાથ ઉચારો, કયેમ આ ચીન્તા ચીત્ત ઠરો છો

સાધુને વીપ્ર દુઃખી જગ ફરતા, તે મુજ તેજ તમામ હારો છો જો

જોગી મુજ ઉપર ગુજરી પીતા પાદશાહ જાણી એ રાગ

તું સાંભળ્ય રાજકુમાર ઉદાશી મનમાં,

નીત્યમ દીઠીમે નાર્ય નવલ જોબનમાં; ૧

નહીં સ્વર્ગ મૃત્યુ પાતળ વીશે પણ એવી,

ચંચળ ચીત્ત ચોરણ હાર ચંપળાં જેવી ૨

મૃગ નયણી ને મૃદુહસતી મહા મદેંકારી,
વીણીગા વાધીણી શું સમામાં હાણી. ૩
છે વણિક તનયા, હાટકવેલી,
સાગીજ સરૈયા ઓળ પર હસેતી.
નારીએ આળા લઈ ચીત્ત હરનારી; ૪
છબીલીની તે છબી મુજ અંતર કેતાણી.
છે શુભ સાવળીંગા નામ, રતી મદ હરણી,
નીલ લંગી નારી નેનમ ને ગતી કરણી. ૫
તે જોઈ બહુનાર રૂપ ગતી મારી મારી
સુણોને રાજકુમાર તે બાંડ તરાણી. ૬

ગદ્ય—(સર્વ હકીકત કહે છે તેથી સદેવંત જાય છે)

પ્રવેશ ૩ જો.

સુજ ઉપરગુજરીપીલાપાદસરદ્ જાહુંચિરાગ(સાવળીંગા છે

સદેવંત-મૃગલી શું ફરે ભટકતી વનમાં.
મદમત્ત છે એની ચાલ, નારી જો બનમાં.
નવ પલ્લવ એક પીકટલબ નીચે ખડી છે;
ચમનનું ચીત હરનાર, ગતા રાજુ ખડી છે
નવ કંજરાગ હથ, નીરખો નેન રૂપાળાં;
અપાંગ ભરી અણીઓથી લાગે પ્યારાં
ખટકે ખુમારી ખાંતલીની મનમાં
મદમત છે એની ચાલ નવલ જોબનમાં.

ગદ્ય—એવી રીતનું સાવળીંગાનું રૂપ દેખી સદેવંત મોહીત થયો છે તેવે સાવળીંગા પુષ્પ વિણતી આવે છે તે કુંવરની ઓટ કરીને—અદરથી ઝાંખતી હોય તેમ ભાવે છે તેથી સદેવંત સાવળીંગાને [illegible] છે.

રાગ ઉપરનો ચાલુ.

સદેવંત—રે મૃગલી તું વનમાંહી ફરે મદમાતી

મો' કારી તારી જોડ નથી દેખાતી.

તે વદન ચંદ્રને ઘુંઘટ રાહુ નડતો, મર્માળી તું સંભાળીને કયં પડતો.
તુજ અંગતણા તરંગ અરૂણ રંગદેછે રાગીનાં મન મન મથમા રંગી
લે છે કયં રાહુ અળગો શા માટે છુંપાતી; મો' કારી,

સાવળીંગા—સોરઠની જગલમાં (હરીગીત છે)

રાહુ નથી એ ઘુઘટો છે અઘ્રવટા માનુ સહી;
ખસેડતાસાં ચંદ્ર કોરણુ, ચાતકો સહે નહીં,
ખોલું હું મારો ઘુંઘટો સુની જણો મ્હોવાય છે,
નીરખે તો નર ત્રિયે મરે અનંગ પણ અટકાય છે ૧
ઉમેદ ઉરમાં ઘુંઘટો ખસેડવો ધારો નહીં;
ખસેડતામાં લાભ સાટે લાભ્ય માનોને અહીં.

ગદ્ય—**સદેવંત**—અહો રૂપ ગર્વીતાતો આજ લહીશું તારા ગર્વનો ઉ
પસંહાર કરનાર અટળ ગતી ઇશ્વરે અવનીમાં અધ્યાપી સુધી નથી-
જ નિર્મ્યો. શીન શીન શીન,

સદેવંત— રાગ ઉપરનો જગલ.

વિચારીને તામા વદે કો મર્દ હઠ જો કરે.
સુમાન કેરો ઘાણ વળશે, પુંઠ લઇ વાંસે ફરે
હું પ્રીતથી પ્યારી કહું છું ઘુંઘટાને કહાડને;
મુજ નેત્ર પ્યાસાં તલપતાં રજરૂપ પગ ચખાડને ૧

સાવળીંગા—પ્રીતમ કહું છું પ્રીતથી ગુમીન રજ હુંમાં નથી,
ઘુંઘટ ઘટા છોડાવવામાં માલ તે મુજગો નથી,
હુ જાત છું વણિકની તમે કુંવર છો રાજના
શું લાભ ખોલે ઘુંઘટો, મુખ જોયે સાજના. ૨

સદેવંત—પ્રીયા વધારે લાભ તો મારા થકી નહીં બને.
ધન માલ સાથે દેહ મારો આપિયો લે આ તમે.
ભોગી ભ્રમર તણી, ગતી નવકંજમાં જેવી બને;

રસિલી રસની જાણુ અપ્યા દેહ મેલે આ તને ૩

સાવળીંગા—કહે નાર તો દીસે ઘણા પણ આપતાં અચકાય છે.

વચન વદેલાં પાળવાં તે વારે પ્રાણજ જાય છે.

સ—રવી ઉગે અસ્તાજ ચળે અાની સહે નહીં ભારરે;

દીજરાજ શીતળતા તજે, લે સીહ તે ખડ અહારરે ૪

અગની તજી દે દાહ, વળી દુવસ્વ આસનરે.

બને ભવિશે તેહ પણ હું ના તજુ વચનરે,

પ્રીતમ હું પ્રીયા તાહરો, તું તો પ્રીયા મારી ઠરી.

લે આવ્ય કર મેળાવ, વામા જોડી રાખે શ્રી હરી. ૫

પ્રવેશ ૪ થો સ્થળ નિશાળ.

સાવળીંગા-સીતાજીના મહીનાનો રાગ (છંદ પ્લવગમ છે)

હજુ ના આવ્યા પ્રાણ આધાર વખત વીતી ગયો.

બંધાયેલ પ્રીતે પ્રાણ, તે મારો દુખી થયો.

મંન હરણ એ નૌતમ મોર વીના ગમતું નથી;

મારા ચંચળ ચીતના ચોર મળે કયારે નેહથી

શું તે જુઠો આપી મને કોલ કરારે કોરે રયા

નીરદયનો મને નહી તોલ રૂદે નહીરે દયા

કુંગનવા મેરા કરસે સરક ગયારે એ રાગ.

ચાલોને પાઠ લૈયે આપણ સાથે મળીને;

બતાવે ભુલ્યોં મેહેતા ખીજે માટે મળીરે; ટેક.

તે માર ખઇને રહીએ છો ડોવા મુડ ગણાઇએ

મહેતાજી—શરમાઇએ સર્વે લોકો જ્યારે જુવે વળીએ ચાલોને

નવરેરીમાં વામા વ્હીએ, વેણુ શું વહી જાય

દગો ધરી ઉરમાં અરે એ પ્રીતે બોલી બોલ;

ખરેજ ભાવ મારી ગઇ એ, થાય આહીંયાં તોલ.

સદેવંત—મહેતાજી હારી

ફાગુનકે દીન ચાર સખીરી આપને પીયાજીસે માગ્યો મ્હેદેનું ગીએ રાગ
તમને બોલાવ્યા છે આજ કોકારી, ચંપા તે બાગ ઠરી છે ઉજાગી
તમો વિના કોણુ સિધાંને તોળે માટે કરોને એ કાજ" કે હારી

મહેતાજી— રાત ન સારી આઇ નીદ.

રાજકુંવર હું બાગે જાતું આ સોંપી નીશાળ.
કરાવજો લેશન સર્વેને, નહીતો કહાડીશ ખાલ

મહેતાજી જાય છે સદેવંત સર્વ નીશાળીઆએ એને વીદય કરે છે તે વખતે એક કાણીઓ નીશાળીયો છાનો માનો સંતાઇ જાય છે હવે સાવળીંગા દાખલ થાય છે,

સાવળીંગા—સીતાજીના મહીનાનો રાગ,

પ્રીય હૈયાને રાખી હાથ નેણુંને તો વારીએઃ
એતો ચંચળ નેણુ ચકોર ગતી નવ ધારીયે, ૧
હમે ખોળામાં મેલ્યાં શીશ. શરીર એકાં આપના.
તેના સાખે શ્રી જુગદીશ દરદ માંડો કાપવા ૨

સદેવંત—અહો ચંદ્રાનને મમ પ્રાણ તે તારી પુઠે ભમે;
અધરામૃત લેવાં જાણુ, મદન મનને દમે. ૩

સાવળીંગા—એતે શું બોલ્યા હૈયાના હાર હું મળવા રહી ઝુરી;
હવે મળવામાં તે શી વાર આશા પુરે ઇશ્વરી. ૪

કાંણીઓ એવામાં ડોકું કાઢી જુવે છે તે સદેવંતના જોવામાં આવવાથી તેને મારીને કહાડી મુકે છે.

પ્રવેશ ૫ મો સ્થળ ગોરનો બગીચો

સદેવંત— સોરઠની ગજલ.

આવોને પ્યારી પ્રેમથી હુલ્લા પટે આણે સમે.
ગજ ગામની ઓ બામની સુખ દામની જોવી ગમે
મદન પડે, મરડાઇને નીરખીજ નાકે વાળીને

તારા સમી ગા તુજ પ્રીયા લે હવે સાંભળીને.

સાવળીંગા ઘુંઘટો તાણીને આવે છે ને સદેવંત રીસાય છે

રાગ ઉપરનો.

ચંપા તને ભ્રમર તજે છે મુજને તાગે સાજના
હેતે વળુખ્યાં આવીયાં હમે. તોરી સાયા રાજના
ગાઢું નથી મુખે કહ્યું તે પ્રેમ પરખો સાજના,
આ મુખ માટે દોડી આવી રીસ ત્યાગો રાજના

રાગ જીલ્લાની ગજલ (દોહરો)

સવળીંગા—જાવોજી તમને કહું કહુંતો જીભ કપાય;
જાતા જીવણ જોઇને કાળજ કટકા થાય
વાડીથી વળીયા લહી ભીતર લાગે લહાય
વાડી છોડી વાલમા તો ફલો ખાવા ધાય.

સદેવંત—કાણે કામ કર્યા ભલુ વાલી વળાવી ઘેર.
વિયોગ પળમાં પાડિયો, શાનું સાધ્યું વેર.
મેળાપ મને કયારે થશે વાલી બોલ્ય વિચાર
મૃગલું ટોળાને તજે જેવું તેવું છે મુજ મન;

સાવળીંગા—પ્રાણપતી પધારીયે, ચંદન બાગે આપ,
હાલે વાગે બાર ત્યાં તો થાશે મેળાપ,

પ્રવેશ ૬ ઠો સ્થળ—સદેવતનો મહેલ

સદેવંત—પ્રાણ વલ્લભે, પ્રેમથી ભરેલીરે;
શું વદું જી ગહન હર્ષ ઘેલીરે. પ્રાણ. ૧
ચંદન બાગ સારું રાગ, સુખદ જાગ, સ્નેહ લાગ;
સંગ લઇ સાહેલીરે. પ્રાણ.
આવશી જરૂર સખિયો સાથ મહેલીરે
પુરણ ચંદ્ર થકી પ્રકાશ, અમત પાસ દુઃખવિનાશ;
વચનથી વરેલીરે પ્રાણ, ૩

જરૂર જીવ એક થાય હેમ વેલીરે; કુશળ ક્ષેમ, પુરણ પ્રેમ:
થાય નેમ, મળજો તેમ, મનહર તું વહેલીરે. પ્રાણ. ૪

પ્રવેશ ૭ મો. સ્થળ-સાવળીંગાનો મહેલ.

સાવળીંગા-(સખી પ્રતે) રાગ આશાગોડી

ચાલોને ચંદન બાગે, સખી આજે ચાલોને ચંદન બાગે;
શુક કોકીલા મેના બોલે, શબ્દ સુકોમળ લાગે. સખી ૧
ચાતુર હંસ મયુર મન હરતાં, મધુર રાગે. સખી ૨
ફાગણ તરૂવરે મોર મનોહર પ્રેમી સુખ કયમ ત્યાગે સખી ૩
સાદેવંત બીનાં લુગડાં પેહેરે છે. એટલે તેની રાણી અને દા

પ્રવેશ ૮ મો.

શી વાત ચીત કરે છે. (હાકાજી શું કરો સાહસ આ) એ રાગ
પારબદે-શાને રૂપ ધરો ફ્યાગાનુ કોણે બતાવી આ મતીરે. શાને.
પાત્ર તજી પહેરો કાપડુ, પ્રાણ પ્રીયામાં ગઇ ગતીરે. શાને.
રાણી તણો શું સંગ તજો નૃપ એ દુઃખ મારેનો અતીરે.
શાસ્ત્ર તણી મર્યાદા તોડો, તોડો ક્ષત્રોની રીતીરે.
સદેવંત- હાની કલંદનો રાગ.
મારા વીચારે તું પાડે વીઘન અહીંથી હવે આઘી જાનેરે:
મારૂ મનેલું તે નહીં તળે મન અહીંથી હવે આઘી જાનેરે. ૧
મારે શોધવો છે સરસ શીકાર અહીંથી.
શાદ તેમાં તુંને કોણ રોકનાર અહીંથી. ૨
તારે પુછવાની શી પડી જરૂર અહીંથી.
આની વેળે અપશુકની થા દુર અહીંથી ૩
(સદેવંત તરવાર ખેંચે છે, તેવામાં દાશીયો અર્જ કરીને કહેછે)
દાશીયો ભરથધી બાતા વીચારીને તમે કરો ન હું પર કોપ એ રાગ
ભુપતી બાગની રૂપ ધરો તે, કોણ કહે જગ સારૂં;
મહારાજ અર્જ (૨) લહી કરો અમારૂ વાર્યું.
વનવાસ રાજ (૨) વનચર જીવ વાસ કરે છે,
તે આપ કરો તો, રાણી રોઇ મરે છે. ૧

કરો નેન લાલ (૨) એ ના શોભે મહારાજ;
લઇ વેશ વનીતા આવે અમને લાજ.
ચોધારે નીર (૨) મહારાણી ભરે છે રોઇ;
તે દેહ ત્યાગશે પાપ પ્રભુ લે જોઇ. ૩
પરણી પસ્તરે (૨) તે પાપ ગાંઠડી લે છે;
સ્વધર્મ તેણે સાર પેહેલો પાય ધરે છે. ૪

સદેવંત—કરો એવા કહીં કોટી બનાવ તે ઉરે નવ ધરૂં ? ? ?:
શાને આ વેળાએ કર્યા છે જમાવ, ચરીત્ર એવાં ત્યાગો તમેરે,
છાંનામાનાં બેસો સર્વ એકાન્ત ફરીયાદો ખોટી ત્યાગો સહુરે.
આનીવેળે નહી માનું એક વાત; હવેથી નવ બકો બહુરે.

પ્રવેશ ૯ મો સ્થળ રસ્તો

(સદેવંત સ્રીને વેશ સ્વગત ગાયનો ગાતો જાય છે
(ગુલે ગુલઝારના જોરનાઈ) એ રાગ.

મળે નહીં માનની મનુંહાર મારૂં મારી પેટ માહી કટાર
જોખમ થાય જીવતું આ વીર, મળી રતી સુખ લો નીરધાર,
મન હરણી શું આંખડી અંજન વીન આ જેલ,
એ.લે હાવ રૂદે કર્યા પ્રેમે મને ઠસેલ.
ખાવા પીના ચેન નહી લગાર મળી રતી સુખ લો નીરધાર
મળે મન હરણી સારંગ નયની અનહદ ઉપજે પ્યાર,
અરપું એક એક પલકમાં રાજ રીધ ભંડાર;
પ્રવેશું હું મેહેલની મોઝાર, મળી રતી૦ ૨

(સાવળીંગા મેહેલ જોવા જાય છે.)

પ્રવેશ ૧૦ મો સ્થળ રસ્તો

આશા ભરી બેઠી હતી ભલેજ પધાર્યાંરે,
ભલેજ પધાર્યાંરે, ભલેજ પધાર્યાંરે, આશા ભારી
જીવ જાણો એક છે દેહ જુદા ધાર્યાંરે;
રાણી દયોને રીતડી જનમ સુધાર્યાંરે.

માતાને મંદિરે પધારો દર્શને પ્યારારે,
બાકી કોપ આવે અહીં, જીવન હમારારે
(સદેવંત કેડે હાથ દઇ જાય છે.)

પ્રવેશ ૧૧ મો સ્થળ રસ્તો

સાવળીંગા રસ્તામાં ગાતી ગાતી જાય છે

સાવળીંગા હમકુ છોડ ચલે બન માધુ (એ રાગ)
ઉદય આજ સુરજ સોનાનો પ્રીતમને પુર પ્રેમે મળુરે ઉદય.
મનહર મોરસમાન સદેવંત પ્રેમ પ્રયોગી જોઇ બળુરે આજ ૧
શોભે ગધ ઘટામાં વીજળી તેવી પ્રભા ધરી હર્ષ ધરૂંરે.
ચંપેલી વીંટાયેલ શોભે, તેહ પ્રમાણે આજ ઠરૂંરે આજ ૨

પ્રવેશ ૧૨ મો સ્થળ મા મહીરતનું

સાવળીંગા રાગ માઢ ઉભા અટારી ભાભી હમારી) એ રાગ.
હે દેવી દયાળી, મંદીર ખાલી, રાત અંધારી, આજે ખાવા ધાય.
માંકન કુડાં ચોટશેરે, આજે મારે શીર.
આશા તો છુટી પડેરે, નાંખ્યા નણદલ વીર,
વચનધારી, કોપકતારી; કીધીખવારી, હાયરે. ખાલી મંદીર ખાવા ધાય ૧
દેવળ પાછળ હું ફરૂંરે, જેમ કળાયેલ મોર:
ઉધ્યા કે ઘેરણ ચઢયાં, તમને કાતો મારે ચોર;
પ્રીત ઉતારી, દીધી પાળી; ધરણી ઢાળી કાયરે. ખાલી મંદીર ખાવા. ધાયર
ચાલ ચડી જોવું શીખ્ખરેરે, ભીતર કરૂં તપાસ,
ઉધ્યા હોય અળખેલડો, તો તે જાગે થાય નીરાશ.
આશ એ ધારી, કોમળ નારી, પ્રેમની મારી જાયરે. ખાલી. ૩

(સીખ્ખરથી અંદર ઉતરેછે તપાસ કરતાં સદેવંતને જગાડતાં આકાશવાણી થઇ.)

આકાશવાણી— (બીહાગની ગજલ)
માથા કુટણું માં કરે, તારો ધેને ઘેર્યો યાર;
તે જાગે પ્રભાતમાં, તું સાચું માને નાર. ૧

તે સાંભળી સદેવંતના હાથમાં ધાવ લખી જાયછે તે સદેવંત સંભારે વાંચેછે

પીયુને તજાવનાર વેરી એલંકાર એ રાગ

ધાવ. કોરે ઘડે કુંવારકા, બેળામાં જવનાર;
તેવા સુકને આવશો તો નક્કી મળશે નાર
જમણાં સારંગ ચાલતાં. ને વળતાં ડાબાં જાય;
ડાબી છીંક ચાલતાં. મીત્ર મેળાવા થાય
તેતર તરૂવર પર લવે, ત્રણુ ત્રણુ બોલે બોલ;
રાજન તેમાં ચાલીયે, મળે મન માની જોડ.
ડાબો ખરે બોલે સહી, જમણો આહી સામે જોય,
રાજન સુકન સાચવે, લાભ અતીશે થાય.
સુત સાહેબા નીરખીને આ : આંસુધાર:
જાવું પડે મમ સાસરે ઉમગંજ ધાર.

ઉપરનો ધાવ વાંચી ત્યાર પછી સોરઠની ગજલ.

સદેવંત—અબળા શું હિંમતથી ઠગી, કે વાણીયાએ બોળવી,
બાલા આ જુઠે વાયદે, રહી મારે આંખો ચોળતી 1
બાળા જનો ભુલે ન કરશો, પરદારાશું પ્રીતડી;
અઇ હાય આશા આપીને નાલી રાણીની રીતડી. ૨
છે તલવારની તાપણી સમ પ્રીત પરનારી તણી. ૩
ઘરબાર ઇજ્જત આપતાં અંતે ન થાપે આપણી.
પ્રીતી પીતળ થકીજ જુઠી. મેતો જોઈ છે સહી
તે માટે માનવ માત્ર પ્રીતી કોઇ કદી કરશો નહી ૪

પ્રવેશ ૧૩ મો સ્થળ પનઘટ

સદેવંત જોગીના વેશે આવે છે ને તેને તે એક માળણને કનકાવતી મળે છે. ત્યાં રાજા ઢોરની માફક પાણી પીએ છે.)

પ્રવેશ ૧૪ મો સ્થળ રૂપશાનો મહેલ

રૂપાશા સાવળીંગા સાથે વાતચીત કરે છે.

રાજા હું મે કામકા ઓર ઇદર મેરા નામ—એ રાગ.

—સાટ ડીવસ તો પુરા કયા જુવે કરને કાસ પીનોક;

હોંસ પુરી કરૂ હમડાંની હું સુકડ સાડુ ઓઢ. ૧
પાડી તાડી છબી છબીલી ચોકે માંડુ ચિટ;
પ્યારી પ્રેમ જરાત આજે મુજને આજ ખચીટ. ૨

સારંગીગા—દીવસ થયા છે અને પુરા સુખ લેતાં છે માણી;
બાગે ફુવારા જઈએ બેસો, ફરવો ઉજાણી.

ઉજાણી કાઢી બાગમાં જાય છે ને રૂપાશાને કેફ ચઢાવીને માળણ સહેવંતનો મેળાપ કરાવે છે અને જાય છે,

પ્રવેશ ૧૫ મો: સ્થળ મહેલ

ટેનકાનની—મહેલે પધારો મહારાજ મણીધર મહેલે પાધરો
ચતુર મનોં છોટા રાજ, કહ્યું માગ ચીતે વિચારો;
જાણીને દાસીની દાઝ, ઉપર દેઠ હેત વધારો. કહવાં. ૧
બુદ્ધિ મુજ નથી એવડી, તો પણ પુછું રાય;
ઉત્તર સાંભળું રાયના જેથી તનડાના સંદેહ જાય. કહવાં, ૨

પ્રશ્ન—સોંઘામાં સોંઘુ કયું, વહાલું સૌથી જેહ:
સંધામાં શું આંધળું, દેખતામાં દેખે કહો તેહ.

ઉત્તર—ગરજુ સોંઘુ સરાથી, વળી સોંઘું મફત મળેલ;
વહાલો જીવ વહાલા થકી, વળી તેથી એ લાજ વધેલ. સુણો
તમે શાણી સહુણી ૨

ઉત્તર—અંધો અજ્ઞાની અતી, જ્ઞાની દેખત સોય;
વામા ઉત્તર મેં કહ્યો વળી પૂછો તમે બીજુ કોય સુણો. ૩

પ્રશ્ન—કો ગાયનમાં ગુણ ઘણા જહ કુહસતું શુંગ
શોમાં સુખ જાદે રહ્યું. કો સુખે ન સુવે પુછું હુંય, ચતુર. ૪

ઉત્તર—હરી ગુણ ગાવે ગુણ ઘણા, દેહ વરણાગી હાસ્ય,
જાદે સુખ સંતોષમાં દેખે ન સુખે ઉદાસ. સુણો તમે ૫

પ્રશ્ન—ગાય વીઆણી ગંદરે, વાછડું વાડા માંય;
દોનારી ઘર આંગણે, તેના છોરૂઓ લશ્કર જાય, સુણો. ૫

ઉત્તર—સુરો વર લડવા ચઢે, હાથ ધરી હથીઆર;
બંદૂક ગોળી જામની, એને તમારા પ્રશ્નનો પાર. સુણો, ૬

પ્રવેશ ૧૬ મો સ્થળ વીરમદેવની કચેરી

કનકાવતી પોતાના પીતા વીરમદેવની પાસે આવીને સદેવંતની સાથે પરણવાની વાત ચરચાવે છે. તે વાત રાજા કબુલ કરે છે. પછી સાવળીંગાની સાથે સદેવંત પરણી ચુકયો છે એવી વાત બહાર પાડી રૂપાશાને તેડવા માટે સીપાઇ મોકલે છે. અને સાવળીંગા તથા દાસી સદેવંત ગોર વીગેરે હાજર થાય છે ને રૂપાશા આવે છે એટલે રાજા પુછે છે. રાજાએ ગોરને પુછયું તે વેળા ગોરે કહ્યું જે રૂપાશા તો દાશીની સાથે પરણ્યો છે. કેરબો.

વીરમદે—રૂપાશાને—સાવળીંગાનું શું કરવું છે, રૂપાશા કહોરે;

રૂપાશા કહોરે ગુણ તેના લહોરે સાવળીંગા ટેક
ગોર તમારા બોલ કહે તે, મીથ્યા કાંઇ નવ જાય:
દાશી સાથે પરણ્યા છો; તે નકી ઠરશી ન્યાય. સાવળીં. ૧
મન મળ્યા વીન મળવું તે ભીંતે બટકાવું થાય;
અંતે જોખ લાખ ટકાનું વેઠે તેમાં કાય. સાવળીં. ૨
દાશી સાથે પરણ્યા પોતે, સાચી તે છે વાત;
માટે આનુ માંડી વાળો, તમે તમારે હાથ. સાવળ. ૩

રૂપાશા—જોર જુલમથી જો રાખું તો વનીતા વશ નહીં થાય;
ઝેર દઇને મારી નાંખી મન માને ત્યાં જાય. ૪

વીરમદે—સાવળીંગાનું શું કરવું છે રૂપાશા કહોરે

રૂપાશા-લખી આપુ છું રાય, આપને નવ જોઇએ એ નાર.૫
તમને દુભાવુ પણ લોંડી નથી મને રહેનાર.--

વી-સાવળીંગાનું શું કરવું છે રૂપાશા સુણોરે;

રૂપાશા—હાથ ધોઇને આપી આપને કરો ગમે તે રાય
મારે એને છુટા છેડા છે મારી રજાય:
મારુ લીધું એ નહી વળે, મુજને છે વીસવાસ;
માટે મારે નથી જોઇતી, પ્રભુએ કહાડી કાશ.

રાજા-બેનો હસ્ત મેળાપ કરે છે, અને સદેવંત વીદાય થાય છે.

સમાપ્ત.

સંગીત નાટકો.

	કિંમત રૂ. આ.
સંગીત લીલાવતી નાટક.	૦—૬
,, પૃથિરાજ ચહુઆણુ નાટક	૦—૪
,, ચંદનમલીઆગીરી નાટક.	૦—૬
,, કુમોદા નાટક.	૦—૬
,, કામસેન રંભકા નાટક	૦—
,, અનુહરી નાટક.	૪—
,, રાણકદેવી અને રાખેંગાર નાટક.	૦—૬
,, રાણકદેવી અને રાખેંગાર (વાઘજી આશારામ)...	૧—૦—૦
,, ચાંપરાજ સોનરાણી. (,,)	૧—૦—૦
,, શ્રીવિક્રમ નાટક. (,,)...	૧—૦—૦
,, ઓધારાજ નાટક (,,)...	૧—૦—૦
,, અનુહરી નાટક. (,,)...	૧— —૦
,, રસિક લીલા નાટક.	૦—૬—૦
,, નિશાસચંદ કુસુમ વિચિત્રા નાટક. — ...	૦—૧૨—૦
,, ગાંધીચારી નાટક....	૦—૩—૦
,, ધિરસેન ચંદ્રીકા નાટક	૦—
,, મહારાજા સાગર અને સતિ પદ્મિણીનું નાટક...	૦—૪—૦
,, અદ્ભુત ઐંગડો નાટક.	૦—૪—૦

ઉપરનાં પુસ્તકો ઉપરાંત જ્ઞાનોપયોગી બીજાં પુસ્તકો નોવેલો, વાર્તા, તેમજ વૈદક, જ્યોતિષ; સબંધી. મુસલમાની કીસ્સા [illegible] ગુજરાતી, હિંદુસ્તાની પુસ્તકોનો નવો કેટલોગ [illegible] મંગાવાથી મોકલવામાં આવશે.

[illegible] બુકસેલર